જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

**તા.૨૧/૧૦/૨૦૨૦  બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-  સમાચાર યાદી નં.૧૮૦૧/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૦/૧૦/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૬૭૫ | ૦ | ૧૦૬૭૫ | ૧૬૮૦૫ | ૦ | ૧૬૮૦૫ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૬ | ૦ | ૪૩૪૬ | ૫૮૬૦ | ૦ | ૫૮૬૦ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૮ | ૦ | ૪૮ | ૨૧૯ | ૦ | ૨૧૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૫૧૨૬ | ૧૬ | ૧૫૧૪૨ | ૧૫૯૪૮ | ૧૬ | ૧૫૯૬૪ |
| | કુલ | ૩૦૧૯૫ | ૧૬ | ૩૦૨૧૧ | ૩૮૮૩૨ | ૧૬ | ૩૮૮૪૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૧૫ | ૧૩,૫૭,૭૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૫૩૪ | ૧૫,૩૪,000/- |

# જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## પી.સી.બી. :

## સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાથી સટ્ટા બેટીંગનો જુગાર રમતા ૨ ઈસમોને કુલ્લે ૭૪,૬૦૦/- રૂપિયાના મુદામાલ સાથે ઝડપી પાડતી પી.સી.બી.

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ કાર્યવાહી કરવા સુચના કરેલ જે આધારે પીસીબી ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેકટર શ્રી એ.ડી.ચાવડાના માર્ગદર્શન હેઠળ તા.૨૦.૧૦.૨૦૨૦ ના રોજ સ્ટાફના અહેકો વિજયસિહ હિંદુજી અહેકો ચેતનસિહ નટવરસિહ અહેકો મનોજભાઈ વિઠ્ઠલભાઈ તથા અહેકો યોગેન્દ્રસિહ હઠીસિહ તથા અન્ય સ્ટાફના માણસો શહેર વિસ્તામા પેટ્રોલીગમાં હતા દરમ્યાન અહેકો યોગેન્દ્રસિંહ હઠીસિંહ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે સરખેજ, મકરબા રોડ, સરખેજ રોઝા સામે, ગંજ ચિકન શોપ પાસે જાહેર રોડ ઉપર બે આરોપીઓને મુબંઈ વરલી મટકાનો સટ્ટા બેટીગનો આંક લખી આંક ફરકનો નાણાની હારજીતનો જુગાર રમી રમાડતા રોકડા નાંણા રૂ.૩૯,૧૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૨ કિંમત રૂ.૫,૫૦૦/- તથા ટીવીએસ એક્સેસ કિંમત રૂ.૨૦,૦૦૦/- તથા હોન્ડા એક્ટીવા કિંમત રૂ.૧૦,૦૦૦/- તથા અન્ય મુદામાલ મળી કુલ કિંમત રૂ.૭૪,૬૦૦/- સાથે પકડી પાડી તેઓની વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી સરખેજ પોસ્ટે ખાતે બી પાર્ટ ગુરન ૪૦૫૧/૨૦૨૦ જુગાર ધારા કલમ ૧૨(અ) મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**પકડાયેલ આરોપીઓ :**

(૧) મોહંમદ વસીમ મોહંમદયુનુસ મલેક ઉ.વ.૩૨, રહે. કિરણ બેકરીની પાછળ, સરખેજ રોઝા સામે, મકરબા રોડ, સરખેજ, અમદાવાદ શહેર

(૨) મોહંમદ યાસર મોહંમદયુસુફ મલેક ઉ.વ.૨૫, રહે. બિસ્મીલ્લા બેકરીની પાસે, કેનાલની પાછળ, ફતેવાડી, અમદાવાદ શહેર

**વોન્ટેડ:** સલીમખાન પઠાણ રહે. સરખેજ ગામ, સિપાહી વાસ, સરખેજ, અમદાવાદ

**ગુનાની જગ્યા** : અમદાવાદ સરખેજ, મકરબા રોડ, સરખેજ રોઝા સામે, ગંજ ચિકન શોપ પાસે જાહેર રોડ ઉપર

**પકડાયેલ મુદામાલ** : (૧) રોકડા નાંણા રૂ.૩૯,૧૦૦/- (૨) મોબાઇલ ફોન નંગ-૨ કિંમત રૂ.૫,૫૦૦/- (૩) ટીવીએસ એક્સેસ કિંમત રૂ.૨૦,૦૦૦/- (૪) હોન્ડા એક્ટીવા કિંમત રૂ.૧૦,૦૦૦/- (૫) સટાના આક લખેલ પુઠાના કાગળ કિ.00 તથા બોલપેન નંગ ૨ કિ.00 મળી કુલ કિંમત રૂ.૭૪,૬૦૦/- નો મુદામાલ



# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## માધવપુરા પોલીસ સ્ટેશન :

(૧)

### કારંજ પોલીસ સ્ટેશન વાહન ચોરીનો અનડિટેક્ટ ગુનો ડિટેક્ટ કરી ચોરીએ ગયેલ એકસેસ ટુ વ્હીલર વાહન કિ.રૂ.૪૦,૦૦૦/- નુ રિકવર કરી આરોપી પકડી પાડતી માધવપુરા પોલીસ

સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ સાહેબ તથા ના.પો.કમિ. શ્રી ઝોન-૨ વિજયકુમાર પટેલ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી "એલ" ડિવિઝન ડી એસ પટેલ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ માધવપુરા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સપેકટર શ્રી એમ બી બારડ સાહેબની સુચનાથી અ હે કો સંજયસિંહ ભકિતસિંહ બનં ૪૮૬૧ તથા અપોકો વિજયકુમાર કિશોરભાઇ બનં ૮૮૮૩ તથા અલોર જીગરકુમાર ભેમાભાઇ બનં ૧૧૯૬૪ નાઓ ગત તા ૧૯/૧૦/૨૦૨૦ ના રોજ કારંજ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ ર નં ૧૧૧૯૧૦૨૭૨૦૧૦૬૭/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯ મુજબના કામે પકડાયેલ આરોપીની વાહન ચોરી અંગે યુકિત પ્રયુકિતથી પુછ પુરછ કરતા આરોપી પાસેથી ચોરીએ ગયેલ વધુ એક વાહન સુઝુકી એકસેસ ટુ વ્હીલર મરૂન કલરની જેની આગળ પાછળ R T O નંબર પ્લેટ લગાવેલ નથી તથા જેનો એન્જીનં જોતા AF212124573 નો છે તથા ચેસીસ નં MB8DP11AGK8ES8886 જેની કિ રૂ ૪૦,૦૦૦/- ની રિકવર કરી કારંજ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ ર નં ૧૧૧૯૧૦૨૭૨૦૧૦૬૩/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો અનડિટેક્ટ ગુનો ડિટેક્ટ કરેલ છે.



**(૨)**

## કારંજ પોલીસ સ્ટેશન વાહન ચોરીનો અનડિટેક્ટ ગુનો ડિટેક્ટ કરી ચોરીએ ગયેલ વેસ્પા ટુ વ્હીલર વાહન કિ.રૂ.૨૫૦૦૦/- નુ રિકવર કરી આરોપી પકડી પાડતી માધવપુરા પોલીસ

સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ સાહેબ તથા ના.પો.કમિ. શ્રી ઝોન-૨ વિજયકુમાર પટેલ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી "એલ" ડિવિઝન ડી એસ પટેલ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ માધવપુરા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સપેકટર શ્રી એમ બી બારડ સાહેબની સુચનાથી અ હે કો વખતસિંહ વાઘસિંહ બનં ૬૫૪૬ તથા અલોર વિજયસિંહ વિક્રમસિંહ બનં ૫૧૦૫ તથા સ્ટાફના બીજા માણસો સાથે માધવપુરા પોલીસ સ્ટેશનના શાહપુર દરવાજા બહાર પોલીસ ચોકી વિસ્તારમા પેટ્રોલીગમા હતા દરમ્યાન સાથેના અલોર વિજયસિંહ વિક્રમસિંહ બનં ૫૧૦૫ નાઓની બાતમી હકિકત આધારે કારંજ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ ર નં ૧૧૧૯૧૦૨૭૨૦૧૦૬૭/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯ મુજબના કામે ચોરીએ ગયેલ સફેદ કલરની વેસ્પા ટુ વ્હીલર વાહન જેની આગળ પાછળ R T O નંબર પ્લેટ લગાવેલ નથી તથા જેનો ચેચીસ નં MET0000AAPE002535 તથા એન્જીન નંબર M449M3002672 જેની કિ રૂ ૨૫,૦૦૦/- ની સાથે આરોપી હરેશ ઉર્ફે હરી સ/ઓ મુકેશભાઇ ચૌહાણ ઉવ ૨૨ રહે નકળંગપુરાની ચાલી મહેંદીકુવા માધુપુરા અમદાવાદ શહેરનાને પકડી અનડિટેક્ટ ગુનો ડિટેક્ટ કરેલ છે.



## દાણીલીમડા પોલીસ સ્ટેશન :

**(૧)**

## ડીઝલ ચોરીનો ગુનો શોધી કાઢતી દાણીલીમડા પોલીસ

એક ઇસમ નામે જાવેદ સલાઉદીન જાતે-ઘોરી ઉ.વ.-૩૯ ધંધો-નોકરી રહે, મ.નં-૧૪ મહમદ સોયેબ સોસાયટી સોનલ રોડ વેજલપુર અમદાવાદ શહેર નાઓની ફરિયાદના કામે હકીકત એવી છે કે ગઇ તા.૧૮/૧૦/૨૦૨૦ ના રોજ આ કામના ફરિ.શ્રીને રવિવારની રજા હોય જેથી તેઓ ઘરે જતા રહેલ અને સવારના આઠેક વાગે બી.આર,ટી.એસ.વર્કશોપ બોમ્બે હોટેલથી મેન્ટેન્સ વર્કશોપ આસિસટન્ટ મેનેજર પ્રવિણસિંહ મનહરસિંહ ચૌહાણ નાએ મને ફોનથી જાણ કરેલ કે આજે રાત્રે અઢીથી ત્રણના સમયગાળામા વર્કશોપમા કામ કરતા સિક્યુરીટી અઝહર નઇમ શેખ રહે, બી.આર,ટી.એસ. વર્કશોપ બોમ્બે હોટેલ તથા વેલ્ડર તરીકે કામ કરતા ઇમ્તિયાઝ જીતસિંગ રાણા રહે, ગ્રીટબુટવાળાની ચાલી કાશીરામ બોમ્બે હોટેલ તથા મિકેનિક તરીકે કામ કરતો રામપ્રતાપ જીતેશસિંગ તોમર રહે, બી.આર,ટી.એસ. વર્કશોપ કાશીરામ બોમ્બે હોટેલ નાઓએ મળી વર્કશોપ કંપાઉન્ડ્મા પાર્ક કરેલ બી.આર.ટી.એસ. બસની ટાંકીમાથી ૪૦ લીટર જેટલુ ડિઝલ કાઢી કેરબામા ભરી ચોરી કરી ઇમ્તિયાઝ જીતસિંગ રાણાની રીક્ષા નં,જી.જે.-૦૧-સી.યુ.-૪૮૯૪મા લઇ ગયેલ છે. તેમ જણાવતા હુ વર્કશોપ ખાતે આવી હકિકત સમજી અત્રે આ ત્રણેય વિરૂધ્ધ બી.આર.ટી.એસ. વર્કશોપ કંપાઉન્ડમા પાર્ક કરેલ બી.આર.ટી.એસ. બસની ટાંકી માથી ૪૦ લીટર ડિઝલ કિ.રૂ.૩૧૬૦/-ની મતાની ચોરી કરી કેરબામા ભરી ઉપરોકત રિક્ષામા લઇ ગયેલ હોય વિગેરે બાબતની જાહેરાત કરતા તેઓની ફરીયાદ લખી લઇ દાણીલીમડા પોલીસ સ્ટેશન એ-પાર્ટ નં.૧૧૧૯૧૦૧૨૨૦૧૨૪૧/૨૦૨૦ ધી ઇપીકો કલમ ૪૪૭,૩૭૯,૧૧૪ મુજબનો ગુનો દાખલ કરી ગુનાની તપાસ પોલીસ સબ ઇન્સ્પેક્ટરશ્રી આર.એસ.ગોહિલ સર્વેલન્સ સ્કોડ દાણીલીમડા પોલીસ સ્ટેશન નાઓએ સંભાળી લીધેલ

ગુનો દાખલ થયા બાદ મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનિશ કમિશ્નરશ્રી"કે" ડિવિઝન સાહેબ નાઓ તરફથી આ ગુનો શોધી કાઢવા તથા આરોપીઓને પકડી પાડવા સુચના આપતા જે સુચના આધારે સર્વેલન્સ સ્કોડ પોલીસ સબ ઇન્સ્પેક્ટરશ્રી આર.એસ.ગોહિલ નાઓએ સર્વેલન્સ સકોડના માણસોને સદરી ગુનાના કામના આરોપીઓને પકડી પાડવા સારૂ સુચના આપેલ જે અનુસંધાને સર્વેલન્સ સ્કોડના પો.કો.ખુમાનસિહ બળદેવસિહ બ.નં.૭૨૮૮ તથા પો.કો.વજાભાઇ દેહુરભાઇ બ.નં.૧૦૩૧૭ નાઓને સંયુકત બાતમી હકીકત મળેલ કે ત્રણ ઇસમો તેમના કબજાની સી.એન.જી.ઓટો રીક્ષા નં.જીજે.૦૧. સી.યુ.૪૮૯૪ ની અંદર કેટલોક ડીઝલ ચોરીનો જથ્થો રાખી લઇ દાણીલીમડા કાશીરામ મિલ ચાર રસ્તા તરફથી આવી બેરલ માર્કેટ ઢાળ આગળ થઇ પસાર થનાર છે વિગેરે મતલબની હકિકત મળતા હકિકત વાળી જગ્યાએ છુટાછવાયા વોચમાં ગોઠવાઇ જઇ ઉપરોક્ત વર્ણનવાળી રીક્ષા દુરથી આવતા તેને નજદીક આવવા દઇ કોર્ડન કરી સદરી લોડીંગ રીક્ષામાં જોતા તેમાં ત્રણ ઇસમો બેસેલ જણાઇ

આવેલ જેઓના વારાફરતી નામઠામ પુછતા રીક્ષા ચાલકે પોતાનું નામ (૧) ઇમ્તિયાઝ જીતસિંહ રાણા ઉ.વ.૪૫ રહે : ગ્રીન બુટવાળાની ચાલી,એહમદી મસ્જિદની પાસે બોમ્બે હોટલ દાણીલીમડા અમદાવાદ શહેર (૨) અઝહર નઇમભાઇ શેખ ઉ.વ.૧૯ રહે : કાશીરામ બી.આર.ટી.એસ.વર્કશોપની અંદર કાશીરામ મિલ ચાર રસ્તા પાસે દાણીલીમડા અમદાવાદ મુ.વતન ગામ : - જહાનાબાજ બાકરગંજ તા.બિન્ડકી જિ.ફતેપુર ઉતરપ્રદેશ (૩) રામપ્રતાપ જીતેશસિંહ તોમર ઉ.વ.૧૯ રહે : કાશીરામ બી.આર.ટી.એસ.વર્કશોપની અંદર કાશીરામ મિલ ચાર રસ્તા પાસે દાણીલીમડા અમદાવાદ મુ.વતન ગામ :- લોધાવલી મહોલ્લો હુલ તા.પોરસા જિ.મુરેના મધ્યપ્રદેશ નાનું હોવાનું જણાવેલ તેમજ સદર ઇસમો ચલાવી લઇ આવેલ રીક્ષા ચેક કરતા ડ્રાઇવર સીટની પાછળની સીટ આગળ એક કાળા કલરનો કેરબો પડેલ હોય જે કેરબો નીચે ઉતારી તેનું ઢાંકણું ખોલી ચેક કરતા તેમાં આશરે ૪૦ લીટર ડીઝલ ભરેલ છે જેથી સદર ત્રણેય ઇસમોને પાસે પોતાના કબજામાં ડીઝલ રાખવા અંગેનું કોઇ લેખિત પુરાવો હોય આપવા જણાવતા ત્રણેય ઇસમોએ પોતાની પાસે કોઇ લેખિત પુરાવો નહિ હોવાનું જણાવતા સદરી ત્રણેય ઇસમોને કડકાઇપુર્વક પુછપરછ કરતા સદર ડીઝલ ગઇ રાત્રિના આશરે અઢીએક વાગ્યાના સુમારે દાણીલીમડા કાશીરામ બી.આર.ટી.એસ.વર્કશોપની અંદર રાખેલ બી.આર.ટી.એસ.બસમાંથી ચોરી કરી મેળવેલ હોવાની હકીકત જણાવતા ડીઝલ ચોરી થવા બાબતે અત્રેના દાણીલીમડા પો.સ્ટે.ખાતે એ પાર્ટ નં.૧૧૧૯૧૦૧૨૨૦૧૨૪૧/૨૦૨૦ ધી ઇ.પી.કો.કલમ-૪૪૭,૩૭૯,૧૧૪ મુજબ થી ગુનો દાખલ થયેલ હોવાની હકીકત જણાઇ આવતા સદરી ત્રણેય આરોપીઓ પાસેથી મળી આવેલ આશરે ૪૦ લીટર ડીઝલની આશરે કિંમત રૂપિયા ૩,૧૬૦/- ગણી તેમજ સદર ઇસમો લઇ આવેલ સી.એન.જી.ઓટો રીક્ષા નં.જીજે.૦૧.સી.યુ.૪૮૯૪ જેનો એ.નં.૨૬૯૯૬ તથા ચે.નં.૧૩૫૩૨ ની કિંમત રૂપિયા ૮૦,૦૦૦/- ગણી તેમજ અલગ અલગ કંપનીના ઉપરોકત ત્રણ મો.ફોન ગુનાના કામે કબજે કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

**ગુનો શોધી કાઢનાર ટીમ**

(૧) એમ.એમ.લાલીવાલા સિનીયર પોલીસ ઇન્સ્પેક્ટર દાણીલીમડા પોલીસ સ્ટેશન
(માર્ગદર્શન અને સુચના)

(૨) એ.પી.ગઢવી સેકન્ડ પોલીસ ઇન્સ્પેક્ટર દાણીલીમડા પોલીસ સ્ટેશન(માર્ગદર્શન અને સુચના)

(૨) આર.એસ.ગોહિલ પો.સબ.ઇન્સ. સર્વેલન્સ સ્કોડ દાણીલીમડા પોલીસ સ્ટેશન
(માર્ગદર્શન અને સુચના)

(૩) અ.હેડ.કો.ભરતભાઇ ધુળાભાઇ બ.નં.૩૩૧૮

(૪) અ.પો.કો.કમલેશકુમાર હસમુખલાલ બ.નં.૬૧૭૭

(૫) અ.પો.કો.ખુમાનસીંહ બળદેવભાઇ બ.નં.૬૧૭૭ ( બાતમી )

(૬) અ.પો.કો.વજાભાઇ દેહુરભાઇ બ.નં.૧૦૩૧૭ ( બાતમી )




(૧) ઇમ્તિયાઝ જીતસિંહ રાણા ઉ.વ.૪૫ રહે : ગ્રીન બુટવાળાની ચાલી,એહમદી મસ્જિદની પાસે બોમ્બે હોટલ દાણીલીમડા અમદાવાદ શહેર

(૨) અઝહર નઇમભાઇ શેખ ઉ.વ.૧૯ રહે : કાશીરામ બી.આર.ટી.એસ.વર્કશોપની અંદર કાશીરામ મિલ ચાર રસ્તા પાસે દાણીલીમડા અમદાવાદ મુ.વતન ગામ : - જહાનાબાજ બાકરગંજ તા.બિન્ડકી જિ.ફતેપુર ઉતરપ્રદેશ

(3) રામપ્રતાપ જીતેશસિંહ તોમર ઉ.વ.૧૯ રહે : કાશીરામ બી.આર.ટી.એસ.વર્કશોપની અંદર કાશીરામ મિલ ચાર રસ્તા પાસે દાણીલીમડા અમદાવાદ મુ.વતન ગામ :- લોધાવલી મહોલ્લો હુલ તા.પોરસા  જિ.મુરેના મધ્યપ્રદેશ

(૨)

## મોબાઇલ ચોરીનો ગુનો શોધી કાઢતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી " કે " ડીવીઝન સાહેબ નાઓ દ્વારા અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢવા અંગેની સુચના મળતા જે અન્વયે મ.પો.કમિ.શ્રી " કે " ડીવીઝન સા.તથા સિનિ.પોલીસ ઇન્સ.શ્રી એમ.એમ.લાલીવાલા સા.શ્રી તથા સેકન્ડ પો.ઇન્સ.શ્રી એ.પી.ગઢવી સા.શ્રી ની સુચના તથા માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ.શ્રી આર.એસ.ગોહિલ તથા સાથેના સ્ટાફના અ.પો.કો.કમલેશકુમાર હસમુખલાલ બ.નં.૬૧૭૭ તથા અ.પો.કો.ખુમાનસિહ બળદેવસિહ બ.નં.૭૨૮૮ તથા પો.કો.વજાભાઇ દેહુરભાઇ બ.નં.૧૦૩૧૭ તથા અ.પો.કો.રણજીતસિહ ટેમંતસિહ બ.નં. ૧૩૯૪ તથા પો.કો.એઝાજહુસેન સાબીરભાઇ બ.નં.૬૪૮ નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના અ.પો.કો.કમલેશકુમાર હસમુખલાલ બ.નં.૬૧૭૭ તથા પો.કો.વજાભાઇ દેહુરભાઇ બ.નં.૧૦૩૧૭ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપીઓ (૧) અજય ગણપતભાઇ ચૌહાણ ઉ.વ.૧૯ રહે : ૧૪૦ મરચીવાસની ચાલી પંડિત નહેરુ સ્કુલની સામે બહેરામપુરા અમદાવાદ શહેર (૨) નાએ પોતાનું નામ સોહિલ ઉર્ફે ઝેણીયો બબલુભાઇ શેખ ઉ.વ.૨૨ રહે : ૫૮૦ આઠમો માળ પ્રધાનમંત્રી આવાસ યોજનાના મકાન એકતાનગર દાણીલીમડા અમદાવાદ શહેર તથા (૩) કાયદાના સંઘર્ષમાં આવેલ એક કિશોર નાઓને તેઓ ચલાવી લઇ આવેલ એક્ટીવાની ડેકીમાં મુકેલ મોબાઇલ ફોન નંગ-૧૯ ની કુલ્લે કિ.રૂ. ૯૨,૬૦૦/ ગણી તેમજ એકટીવા નં. જીજે.૨૭.સી.જી.૯૯૬૬ ની આશરે કિ,રૂ. ૪૦,૦૦૦/ ગણી કુલ્લે કિ,રૂ,૧,૩૨,૬૦૦/ ના મુદામાલ સાથે પકડી લઇ મળી આવેલ મોબાઇલ બાબતે પુછતાછ કરતા તમામ મોબાઇલ તેઓએ અલગ-અલગ જગ્યાએથી ચોરી કરેલ હોવાનું જણાવેલ, તેમજ મળી આવેલ મોબાઇલ ના આઇ.એમ.ઇ.આઇ નંબર ચેક કરતા દાણીલીમડા પોલીસ સ્ટેશન એ પાર્ટ નં.૧૧૧૯૧૦૧૨૨૦૧૨૪૭/૨૦૨૦ ધી ઇ.પી.કો.કલમ-૩૭૯,૧૧૪ મુજબ નો ગુનાના કામે ચોરી થયેલ એક મોબાઇલ તેમજ અન્ય ૧૮ મોબાઇલ એમ મળી કુલ ૧૯ મોબાઇલ શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

## <u>ગુનો શોધી કાઢનાર ટીમ</u>

(૧) એમ.એમ.લાલીવાલા સિનીયર પોલીસ ઇન્સ્પેક્ટર દાણીલીમડા પોલીસ સ્ટેશન
(માર્ગદર્શન અને સુચના)

(૨) એ.પી.ગઢવી સેકન્ડ પોલીસ ઇન્સ્પેક્ટર દાણીલીમડા પોલીસ સ્ટેશન(માર્ગદર્શન અને સુચના )


(૩) આર.એસ.ગોહિલ પો.સબ.ઇન્સ. સર્વેલન્સ સ્કોડ દાણીલીમડા પોલીસ સ્ટેશન
(માર્ગદર્શન અને સુચના)

(૪) અ.હેડ.કો.ભરતભાઇ ધુળાભાઇ બ.નં.૩૩૧૮

(૫) અ.પો.કો.કમલેશકુમાર હસમુખલાલ બ.નં.૬૧૭૭ (બાતમી)

(૬) અ.પો.કો.ખુમાનસીંહ બળદેવભાઇ બ.નં.૬૧૭૭ (બાતમી)

(૭) અ.પો.કો.વજાભાઇ દેહુરભાઇ બ.નં.૧૦૩૧૭




(૧) સોહિલ ઉર્ફે ઝેણીયો બબલુભાઇ શેખ ઉ.વ.૨૨ રહે : ૫૮૦ આઠમો માળ પ્રધાનમંત્રી આવાસ યોજનાના મકાન એકતાનગર દાણીલીમડા અમદાવાદ શહેર




(૨) અજય ગણપતભાઇ ચૌહાણ ઉ.વ.૧૯ રહે : ૧૪૦ મરચીવાસની ચાલી પંડિત નહેરૂ સ્કુલની સામે બહેરામપુરા અમદાવાદ શહેર





# પાસા અટકાયતની વિગત

## ઘાટલોડીયા પોલીસ સ્ટેશન :

પોલીસ કમી.શ્રી. સંજય શ્રીવાસ્તવ સાહેબ અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી આર.બી અસારી  સાહેબ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા શ્રી ડો.રવિન્દ્ર પટેલ સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ નાઓની સુચનાથી તથા શ્રી એમ.એ.પટેલ મદદનીશ પોલીસ કમી.શ્રી "ક" વિભાગ સાહેબના માર્ગદર્શન હેઠળ તડીપાર/પાસા અટકાયતી હુકમની બજવણી ટાળવા સારૂ નાસતા ફરતા ઇસમોને સત્વરે પકડી બજવણી કરવા સુચના મળેલ જે આધારે મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર દ્વારા ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૦૯૯/૨૦૨૦ તા.૨૦/૧૦/૨૦૨૦ આધારે વિશાલ જગદીશભાઈ દવે ઉ.વ-૨૭ રહે-ડી/૨૦૧ અમરદીપ રેસીડેન્સી પુષ્કર બંગ્લોઝની બાજુમાં નાના ચીલોડા અમદાવાદ શહેર મુળ રહે-પાંજરાપોળની પાસે તા-માણસા જી-ગાંધીનગર નાને આજરોજ તા-૨૦/૧૦/૨૦૨૦ ના કલાક ૨૧/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે પાસા અટકાયતમાં રહેવા સારૂ મોકલી આપવા તજવીજ કરેલ છે.

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૦૨/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી ૨૩૪ લીટર દેશી દારૂ, ૫૬૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪૦ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૦૧ લોડીંગ રીક્ષા અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૦૧,૧૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૦૩/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૧૮૦૪/૨૦૨૦

**સાબરમતી** : **(૧)** બળદેવભાઇ કાનજીભાઇ પટેલ (ઉ.વ.૪૨)(રહેઃ નિશાન પ્રાઇડ એસ.વી.સ્ક્વેર સામે ન્યુ રાણીપ) એ તા.૨૦/૧૦/૨૦૨૦ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૦૯/૨૦૧૯ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે આરોપી દિનેશભાઇ ડાહ્યાભાઇ નાઇ (રહે.ગામ. પલીયડ તા.કલોલ જી.ગાંધીનગર હાલ રહે. જાગૃતી એપાર્ટમેન્ટ નાલા સોપારા તાકી રોડ રાધેક્રિષ્ણ હોટલની સામે વીરાર ઇસ્ટ મુંબઇ મહારાષ્ટ્ર)એ બળદેવભાઇ પટેલ તથા તેમની પત્નિ અને બે દીકરાઓના અમેરિકાના વિઝા અપાવવાનુ કહી ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૧૧,૦૦,૦૦૦/- મેળવી લઇ, અમેરિકાના વિઝા કહી અપાવી, તેમજ રૂપિયા ૨,૫૦,૦૦૦/- પરત આપી બાકી રૂપિયા **૮,૫૦,૦૦૦/-** પરત નહી કરી બળદેવભાઇ પટેલ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે.આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.એલ.મહેતા ચલાવે છે.

**સાબરમતી** : **(૨)** અનિલકુમાર જયંતીલાલ પંડ્યા (ઉ.વ.૫૯)(રહે.રાજમંદિર સોસાયટી જી.એસ.ટી ક્રોસીંગ પાસે ન્યુ રાણીપ) એ તા.૨૦/૧૦/૨૦૨૦ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૦૯/૨૦૧૯ થી તા.૨૦/૧૦/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન એ.ટી.એમ કાર્ડ અનિલકુમાર પાસે હોવા છતા કોઇ અજાણી વ્યક્તિએ અનિલકુમારના એસ.બી.આઇ બેંકના ખાતામાંથી તેમની જાણ બહાર કુલ રૂપિયા ૧,૫૦,૦૦૦/- ઉપાડી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે.આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.એલ.મહેતા ચલાવે છે.

**સાયબર ક્રાઇમ** : વિનાયક દેવનાથ મ્હાત્રે (ઉ.વ.૪૬)(રહે.ફોર પોઇંટસ બાય શેરાટોન ગુજરાત કોલેજ સામે, એલિસબ્રિજ) એ તા.૨૦/૧૦/૨૦૨૦ નારોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૧૦/૨૦૨૦ અગાઉ કોઇપણ સમયે એલિસબ્રિજ ગુજરાત કોલેજ સામે “ફોર પોઇંટસ બાય શેરાટોન” ખાતે આરોપી દિગ્વીજયસિંહ અરૂણકુમાર સિંગ (રહે, બીજો માળ કાપડીયા હાઉસ, ગરનાળા પાસે, એલીસબ્રીજ)એ તેના મળતીયા અન્ય ઇસમો સાથે મળી એચ.ડી.એફ.સી. બેંક તરફ થી વિનાયક મ્હાત્રે ની હોટલને ફાળવવામાં આવેલ પેમેન્ટ ટર્મિનલ મશીન જેવુ જ અન્ય પેમેન્ટ ટર્મીનલ મશીન બનાવી તેમાં રહેલ સ્કીમર દ્વારા હોટલના કસ્ટમરો (૧) શ્રી શેખ અમરુદ્દીન (૨) શ્રી નિમિષ નાહર નાઓના ક્રેડીટ કાર્ડ/ડેબીટ કાર્ડના ડેટા કોપી કરી તે કોપી કરેલ ડેટા આધારે તેના મળતીયા માણસો મારફતે દિલ્હી ખાતેના એટીએમ સેન્ટરમાંથી વિનાયક મ્હાત્રેના કસ્ટમર નિમીષ નાહર ના ખાતામાંથી રૂપિયા ૪૦,૦૦૦/- વિડ્રો કરી વિનાયક મ્હાત્રે સાથે કસ્ટમરો તેમજ બેંક સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.યુ.પરેવા ચલાવે છે.

## ઘરફોડ :- સમાચાર યાદી નં.૧૮૦૫/૨૦૨૦

**કાલુપુર** : સુનિલભાઇ ઉર્ફે ચંન્દ્ર રામચંદ્ર ઉદાણી (રહે.મીનાક્ષી એવન્યુ, બંગ્લા એરીયા, કુબેરનગર) એ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૧૦/૨૦૨૦ રાતના ૧૦/૦૦ થી તા.૨૦/૧૦/૨૦૨૦ ના કલાક ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન કાલુપુર, ગાંધીરોડ, બાલા હનુમાન પાસે આવેલ હીરાપ્રભુ કોમ્પલેક્ષની સામે પહેલા માળે આવેલ “જય અંબે ડેકોરેશન” નામની દુકાનમાં તેમજ બીજી અન્ય દુકાનોમાં ધાબા ઉપરથી ત્રણ અજાણ્યા ઇસમો (૨૦ થી ૩૦ વર્ષના આશરાના) દુકાનોમાં પ્રવેશ કરી દુકાનના કાઉન્ટરના જુદા-જુદા ડ્રોઅરમાંથી કુલ રોકડ રૂપિયા ૪,૭૫,૦૦૦/- ચોરી કરી લઇ ગયા છે. આ અંગેની તપાસ પો.ઇ.શ્રી આર.જી.દેસાઇ ચલાવે છે.

## ચોરી :- સમાચાર યાદી નં.૧૮૦૬/૨૦૨૦

**સાબરમતી** : ઉદેશભાઇ કાળુભાઇ મિનામા (રહે.ત્રાગડ ગામની પાછળ બુલ્ટી રોલર સેન્ટર અનિકેત આર.એમ.સી પ્લાન્ટ પાસે, ત્રાગડગામ સાબરમતી) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૧૦/૨૦૧૯ સવારના ૬/૦૦ થી સાંજના ૭/૦૦ વાગ્યા દરમ્યાન બુલ્ટી રોલર સેન્ટરની બાજુમા આવેલ ખુલ્લી જગ્યામાં આવેલ મજુરોના દશ પ્લાસ્ટીકના ઝુપડાઓમાંથી કોઇ અજાણી વ્યક્તિ ચાંદીનુ કડુ કિંમત રૂપિયા ૮,૦૦૦/-, ચાંદીના છડા કિંમત રૂપિયા ૧૩,૦૦૦/- કરીયાણાનો સામન અને વાસણો કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- અને મજુરોના રોકડ રૂપિયા ૩૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૬,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જે.દેસાઇ ચલાવે છે.

**કાગડાપીઠ** : ઉષાબેન વિડો/ઓફ મહેન્દ્રભાઈ ભટ્ટ (ઉ.વ.૭૮)(રહે.ભારત સોસાયટી, લક્ષ્મી કોલોની સામે, વેદ મંદિર રોડ, કાંકરીયા) એ તા.૨૦/૧૦/૨૦૨૦ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૧૦/૨૦૨૦ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે બે અજાણ્યા પુરૂષ સોના-ચાંદી ના દાગીના ચમકાવવા માટેનો પાઉડર વેચવાના બહાને આવી ઘરમા પ્રવેશ કરી, ઉષાબેનના હાથમાંથી બંન્ને સોનાની બંગડીઓ કિંમત રૂપિયા ૧,૧૬,૦૦૦/- ચમકાવવાના બહાને ગરમ પાણીની તપેલી મા મુકાવી, ઉષાબેનની નજર ચુકવી ચોરી કરી લઇ નાસી ગયા હતા. આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી પી.કે.ગોહિલ ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૦૭/૨૦૨૦</u>**

**"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન** : ઇશ્વરભાઇ વિહાજી ઠાકોર (ઉ.વ.૪૦)(રહે. સાંઇનાથ એપાર્ટમેંટ, વિંઝોલ પાસે, વટવા) તા.૨૦/૧૦/૨૦૨૦ બપોરના ૨/૨૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે સરદાર પટેલ રીંગ રોડ ચાર રસ્તા પાસે, પેરેડાઇઝ પ્લાઝા સામે વિનોબાભાવેનગર નજીક થી પોતાની એક્ટીવા ચલાવી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન હાથીજણ સર્કલ તરફથી એક અજાણ્યો આઇશર ગાડીનો ચાલક પુરઝડપે અને ગફલતભરી રીતે આઇશર ચલાવી લાવી એક્ટીવાને પાછળથી ટક્કર મારતા, ઇશ્વરભાઇને શરીરે ગંભીર ઇજાઓ થતા તેમનું સ્થળ ઉપર મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ની ફરીયાદ મરણ જનાર ઇશ્વરભાઇના બનેવી રમેશભાઇ શાંતીલાલ ઠાકોર (રહે.સાંઇનાથ એપાર્ટમેંટ, ડીઝલ શેડની સામે, વિંઝોલ વટવા) એ "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વાય.એસ.સિસોદિયા ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૦૮/૨૦૨૦</u>**

**શાહીબાગ** : આકાશભાઈ રાજુભાઈ પટણી (ઉ.વ.૨૦)( રહે.બાલચંદની ચાલી ઈન્દિરાનગરના છાપરા, ઓમ ટાવરની પાછળ શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૨૦/૧૦/૨૦૨૦ ના કલાક ૨/૩૦ થી ૩/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે રૂમમાં લોખંડની એંગલ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી છે. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રોહિતસિંહ રણજીતસિંહ ચલાવે છે.

**નરોડા** : સુભદ્રાબેન દિનેશભાઇ ચૌહાણ (ઉ.વ.૫૦)(રહે,વેદાંત બંગ્લોઝ હોટલ લેન્ડમાર્કની પાછળ નાના ચિલોડા નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૦/૧૦/૨૦૨૦ સાંજના ૬/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પહેલા માળે રૂમમાં પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી છે. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અરવિંદસિંહ ભીમસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી